For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## આ વિકએન્ડ વિન્ટેજ કાર્સ માટે




ચેમ્બર દ્વારા સરસાણા ખાતે ઇન્ટરનેશનલ ઓટો એક્સપોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિન્ટેજ કાર પ્રદર્શીત કરવામાં આવી છે. (તસવીરઃ- હેમંત ડેરે)

# ચાલુ કોર્ટમાં 70 વર્ષના પતિનો પત્ની પર એસિડ એટેક

**70 વર્ષીય પતિ આયુર્વેદિક ડોક્ટરે હુમલા બાદ ઝેર પીધું**

**ફેમિલી કોર્ટમાં બનેલી ઘટનામાં મહિલાની આંખને ગંભીર ઇજા**



સુરત : સુરત જિલ્લા સેવા સદન ખાતે આવેલી ફેમિલી કોર્ટમાં શુક્રવારે ભરણપોષણના કેસની સુનાવણી દરમિયાન70 વર્ષના આયુર્વેદિક ડોક્ટરે પોતાની જ 61 વર્ષીય પત્ની પર કોર્ટરૂમમાં એસિડ ફેંકી જીવલેણ હુમલો કર્યો હતો. જજની હાજરીમાં બનેલી આ ઘટનામાં મહિલાના ચહેરા પર એસિડ પડતા તેમની આંખને ગંભીર નુકસાન થયું છે. તેમને સારવાર માટે તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ હતી જ્યારે આરોપીએ પણ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. તેને પણ સિવિલમાં દાખલ કરાયો છે.

સુરત જિલ્લા સેવા સદનના એ-બ્લોકના પાંચમા માળે આવેલી ફેમિલી કોર્ટમાં ભરણપોષણના કેસની કાર્યવાહી દરમિયાન ...અનુસંધાન પાના 9 પર

### મહિને 10 હજાર ભરણપોષણ ચૂકવવા આરોપી તૈયાર ન હતા

માહિતી મુજબ પતિ-પત્ની વચ્ચે છેલ્લા ઘણા વર્ષોથી મતભેદ ચાલતા હતા અને બંને છેલ્લા 7-8 વર્ષથી અલગ રહેતા હતા. પત્ની પોતાની દીકરી અને જમાઈ સાથે રહેતી હતી જ્યારે પતિ અલગ રહેતો હતો. મહિલાએ ભરણપોષણ માટે ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટ દ્વારા દર મહિને 10 હજાર રૂપિયાના અંતરિમ ભરણપોષણનો આદેશ આપવામાં આવ્યો હતો અને વસૂલાત અંગેની કાર્યવાહી પણ ચાલી રહી હતી. મહિલાના વકીલના જણાવ્યા મુજબ આરોપી પતિ ...અનુસંધાન પાના 9 પર

### કેટલાક વકીલો પર છાંટા ઊડ્યા, અગાઉ પણ પત્નીને ચપ્પુ માર્યું હતું

આજે કોર્ટમાં એસિડ એટેકની ઘટના બની હતી. જે કેસ દરમિયાન આ બનાવ બન્યો તેની વાત કરીએ તો દંપતિ ૨૦૧૭થી અલગ રહે છે અને ૨૦૨૧થી કેસ ચાલે છે ૨૦૨૩માં ઘરેલુ હિંસા સંબંધિત કેસ વખતે પતિએ પત્નીને ચપ્પુ માર્યું હતું. હાલમાં ભરણપોષણનો કેસ ફેમિલી કોર્ટમાં ચાલે છે. આજે ખોરાકી ચઢી જતાં રિકવરી માટે ફેમિલી કોર્ટમાં સુનાવણી હતી. અન્ય વકીલો સહિતનાં પર એસિડનાં ...અનુસંધાન પાના 9 પર

# ૪ વર્ષના બાળક પર કૂતરાનો હુમલો, ગાલ પર અઢી ઈંચનો ઘા

**ભેસ્તાનની ઘટના, મહામુસીબતે બાળકને શ્વાનના પંજામાંથી છોડાવાયો**

**નફ્ફટ મનપા તંત્રની બલિહારી, ભ્રષ્ટાચારને કારણે રખડતાં કૂતરાં ઘટતા નથી**



સુરતઃ નફ્ફટ મનપા તંત્ર દ્વારા રખડતા કૂતરાંના ત્રાસને નાથવાનો દાવો કરીને કરોડો રૂપિયાની ખાયકી કરવાને કારણે સુરતમાં કૂતરાંઓની સંખ્યા ઘટતી નથી અને કૂતરાં નિર્દોષ બાળકોને નિશાન બનાવી રહ્યા છે. તાજેતરમાં ભેસ્તાન વિસ્તારના ગણેશનગરમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે, જેમાં ૪ વર્ષના બાળક અંશકુમાર પર રખડતા શ્વાને જીવલેણ હુમલો કર્યો હતો.



મળતી માહિતી અનુસાર મૂળ બિહારના વતની કમલ કુશવાહ પરિવાર સાથે ભેસ્તાન ગણેશનગરમાં રહે છે. કમલ કુશવાહ સંચા ખાતામાં નોકરી કરે છે. તેમનો એકનો એક ૪ વર્ષનો પુત્ર અંશકુમાર ઘરની સામે રમી રહ્યો હતો. અચાનક એક રખડતા શ્વાને તેના પર હુમલો કર્યો અને ડાબા ગાલના ભાગે જોરદાર બચકું ભરી લીધું હતું. આ હુમલાથી બાળકના ગાલે અઢીથી ત્રણ ઇંચ જેટલો ઊંડો ...અનુસંધાન પાના 9 પર

# પારસ મિલના માલિક મનીષ જૈનની સાન ઠેકાણે લાવતું GPCB

**ક્લોઝર આપી એન્વાયર લોઝ ભંગ બદલ 25 લાખ દંડ કરાયો**

**બેન્ક ગેરંટી જમા કરાવવા સહિત વીજળી કટ કરવા આદેશ**

સુરતઃ સુરત શહેરના પાંડેસરા વિસ્તારની પારસ ડાંઈગ મીલમાં ટાંકી સફાઈ વખતે ચાર મજૂરોના કરૂણ મોતની ઘટનામાં ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડએ તાત્કિલ અસરથી ક્લોઝર આપી મીલને 25 લાખનો દંડ ફટકારી દીધો છે.

સુરત શહેરની પાંડેસરા જીઆઈડીસી વિસ્તારની પારસ ડાંઇગ મીલમાં ગયા સપ્તાહે ભયાનક ઘટના બની હતી. મીલ માલિક મનિષ જૈનએ દેશની સુપ્રિમ કોર્ટના આદેશની ધરાર અવગણના કરી ઈનફ્લુએન્ટ ટેન્ક સાફ કરાવવા મજૂરોને નીચે ઉતાર્યા ...અનુસંધાન પાના 9 પર

### મનીષ જૈનને નોટિસ ફટકારી કેસ દાખલ કરવા તજવીજ

સુરત શહેરમાં ઇન્ડસ્ટ્રીયલ બેલ્ટમાં એક પછી એક અનેક અકસ્માતોની ઘટનાઓ બહાર આવી રહી છે. ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં કામદારોની હાલત ભયાનક બની છે. કામદારોને વગર સેફ્ટીએ કામ કરાવવા સહિત અનેક પ્રકારની વ્યાપક ફરિયાદો ઉઠી છે.આ ફરિયાદો વચ્ચે ગયા સપ્તાહમાં પાંડેસરા જીઆઈડીસીની પારસ ડાંઇગ મીલમાં ટાંકી સાફ કરાવવા ઉતરેલા મજૂરો કાળનો કોળિયો બની ગયા હતા. આ ઘટનામાં પાંડસેરા પોલીસે ગોળ ગોળ જવાબો આપી મીલ માલિક મનિષ જૈનને આબાદ બચાવી લઇ કોન્ટ્રાક્ટરને જવાબદાર ઠેરવી તેના ગળામાં ફોજદારીનો ગાળિયો ભેરવી દીધો હતો. આ મામલે લોકોમાં પણ ભારે અચરજ ફેલાયુ હતુ. સામાન્ય કિસ્સાઓમાં પોલીસ કોન્ટ્રાક્ટર સહિત ખુદ જે પ્રિમાઇસીસમાં ઘટના બની હોય તેમના માલિકને પણ આરોપી બનાવે છે. પરંતુ પાંડેસરાની પારસ ડાંઇગ મીલમાં પોલીસે માલિક મનિષ જૈનને ...અનુસંધાન પાના 9 પર

### મનિષ જૈન ચાર વર્ષ પહેલા ટીજીબીના મામલે વિવાદમાં આવ્યો હતો

પાંડેસરાની પારસ ડાંઇગ મીલના માલિક પારસ જૈન પહેલી વિવાદી હરકતોને લઇને શહેરમાં પંકાયેલા છે. અગાઉ ચારેક વરસ પહેલા ડુમસ રોડની પંચતારક હોટલ ટીજીબીમાં આંઠમા માળે એક ચાલુ પાર્ટી વખતે વિવાદમાં સપડાયા હતા. આ મામલે ડુમસ પોલીસે મનિષ જૈન સામે કાનૂની કારવાઇ પણ કરી હતી. કહેવાય છે કે હજી પણ કાળા કલરની અને કાળા કાચવાળી એસયુવી લઇ ફરતા આ મહાશય વિવાદથી દૂર રહેતા નથી. આગામી દિવસોમાં આ મામલે વધુ સ્ફોટક વિગતો બહાર આવશે

# કોમર્શિયલ, LPG બાટલાની સંગ્રહખોરી રોકવા રજૂઆત

**1200 જેટલી કિંમત ધરાવતો એક કોમર્શિયલ LPG સિલિન્ડર હાલમાં રૂપિયા 4500 જેટલા વધારાના દરે વેચવામાં આવી રહ્યો છે : ચેમ્બર**

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) ના પ્રમુખ નિખિલ મદ્રાસીએ સુરત જિલ્લા કલેક્ટર ડૉ.સૌરભ પારધીને આવેદનપત્ર મોકલી સુરત શહેરમાં ઔદ્યોગિક વપરાશના કોમર્શિયલ LPG સિલિન્ડરના સંગ્રહખોરી અને કાળાબજારી રોકવા ચેમ્બરની કલેક્ટરને રજૂઆત કરી છે. પત્રમાં ...અનુસંધાન પાના 9 પર

### ગેસની અછતને પગલે ચાની લારીઓ પર હવે ઇલેક્ટ્રિક સગડીનો આશરો



સુરત : ડાયમંડ સિટી સુરતમાં છેલ્લા કેટલાક દિવસોથી કોમર્શિયલ ગેસના સિલિન્ડરની ભારે અછત સર્જાતા નાના ધંધાર્થીઓની હાલત કફોડી બની છે. ખાસ કરીને ગલી-નુક્કડ અને ચાર રસ્તા પર ઉભા રહેતા ચાના લારીધારકો પર આ આર્થિક સંકટની સીધી અસર જોવા મળી રહી છે. ગેસના બાટલા સમયસર ઉપલબ્ધ ન થતા હવે અનેક વેપારીઓ મજબૂરીવશ ઇલેક્ટ્રિક સગડી તરફ વળી રહ્યા છે. સુરતની ઓળખ સમાન ચાની લારીઓ માત્ર ધંધાનું કેન્દ્ર નથી, ...અનુસંધાન પાના 9 પર

### 250 વિવિંગ એકમો બે દિવસ ઉત્પાદન બંધ રાખશે

સુરત : ઔધોગિક હેતુ માટેના 47.5 અને 425 કિલો LPG ગેસ સિલિન્ડરની અછતને પગલે સુરતના પાંડેસરા - ભેસ્તાન રોડ પર આવેલી શ્રીરામ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટના વિવિંગ એકમો LPG ગેસ સિલિન્ડરની અછતને પગલે વિકમાં બે દિવસ શનિવાર અને રવિવારે બંધ રાખવાનો નિર્ણય લેવામાં ...અનુસંધાન પાના 9 પર

### સુરત શહેર-જિલ્લામાં એલ.પી.જી. ગેસનો પૂરતો પુરવઠો

સુરત : મધ્યપૂર્વના દેશોમાં ઉભી થયેલી વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યના નાગરિકોને ઘરેલું એલ.પી.જી. ગેસ સિલીન્ડરનો પૂરતો અને નિયમિત પુરવઠો મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા સતત મોનિટરીંગ અને જરૂરી આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા પુરવઠા અધિકારી દર્શન શાહે જણાવ્યું હતું કે, સુરતમાં ગેસનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે. એલપીજી સિલિન્ડરની અછત ન સર્જાય તે માટે શહેર જિલ્લાના ગોડાઉનોમાં સ્ટોકની ...અનુસંધાન પાના 9 પર

### સુરતની ગેસ કંપનીઓમાં 5164 MT જથ્થો ઉપલબ્ધ

હાલમાં ઉપસ્થિત થયેલ ગેસ સિલિન્ડરની અછતને ધ્યાને લઇ પૂરતો એલ.પી.જી નો જથ્થો ઉપલબ્ધ કરાવવા પાત્ર થતો હોય, એલ.પી.જી નો પુરતો પુરવઠો મળી રહે તેની તકેદારીના ભાગરૂપે અત્રેના સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કુલ - 20 તેમજ ઝોન વિસ્તારમાં કુલ - 19 ગેસ એજન્સીની તપાસ હાથ ધરવામાં આવેલ, જે અન્વયે અત્રેના HPCL, BPCL અને IOCL કંપનીઓમાં કુલ - 5164 MT જથ્થો ઉપલબ્ધ છે.

# કાંઠા સુગર કૌભાંડમાં ત્રણની ધરપકડ

**ધરપકડ કરાયેલામાં એમ.ડી. પ્રદીપ પટેલ અને પ્રદીપ પંડ્યા, પીપલ્સ બેંકના નિવૃત્ત એમ.ડી. જતીન નાયકનો સમાવેશ**

### રૂ,.9.35 કરોડની લોન મેળવવા 4022 ક્વિન્ટલ ખાંડનો સ્ટોક હોવા છતાં 59,000 ક્વિન્ટલ ખાંડનો સ્ટોક દર્શાવ્યો

નવેમ્બર-2023માં ગોડાઉનમાં માત્ર 4022 ક્વિન્ટલ ખાંડનો સ્ટોક હોવા છતાં દસ્તાવેજોમાં 59,000 ક્વિન્ટલ ખાંડનો સ્ટોક દર્શાવવામાં આવ્યો હતો. આ ખોટા દસ્તાવેજોના આધારે એન.સી.ડી.સી.માંથી 9.35 કરોડની લોન લેવામાં આવી હતી. એ પહેલા 23,882 ક્વિન્ટલ ખંડના સ્ટોક સામે 6.29 કરોડની લોન લેવાઈ હતી. બેંક દ્વારા યોગ્ય તપાસ વગર લોન મંજૂર કરાઈ હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. નવાઈની વાત એ છે કે, બે વારની કુલ 15.65 કરોડની લોનની રકમ NCDCની પરત મળી નથી. તો આ રકમ ક્યાં છે, ઓલપાડ પોલીસ એની તપાસ કરી રહી છે.

સાયણ, સુરતઃ ખાંડનો બોગસ સ્ટોક દર્શાવી નેશનલ કો.ઓ. ડેવલોપમેન્ટ કોર્પોરેશન (એન.સી.ડી.સી.) પાસેથી 15.65 કરોડની લોન લઈ ઉચાપત કરવાના આરોપમાં ઓલપાડ પોલીસે શુક્રવારે ઓલપાડ પોલીસે કાંઠા સુગરના મેનેજિંગ ડિરેક્ટર પ્રદીપકુમાર ભગુભાઇ પટેલ (રહે.,મકાન નં.૧૦ બીયોનવિલા સોસાયટી, ડી-માર્ટની પાછળ, કેનાલ રોડ, જહાંગીરપુરા, મૂળ રહે.,સરસ, તા.ઓલપાડ), સુરત પીપલ્સ કો.ઓપ.બેંકના તે સમયના મેનેજર અને નિવૃત્ત એમ.ડી. જતીન ઈશ્વરભાઇ નાયક (રહે.,૪, રામેશ્વરમ રો હાઉસ, ગંગેશ્વર મંદિર પાછળ, અડાજણ) અને એમ.ડી. પ્રદીપકુમાર જી.પંડ્યાની સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી.

સુગરના સરકાર નિયુક્ત કસ્ટોડિયન કમિટીના પ્રમુખ સાંધિયેરના બ્રિજેશ ઉર્ફે વિરલ ગુણવંતભાઇ પટેલે ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, આ મંડળીના પ્રમુખ કિરીટભાઈ જી.પટેલ, ઉપપ્રમુખ બાલુભાઇ કે.પટેલ, સુગરના એમ.ડી. પ્રદીપકુમાર જી. પંડ્યા તથા ૧૫ બોર્ડ ઓફ ડિરેક્ટરોનાં રાજીનામાં બાદ સુગરના વહીવટની ઝીણવટભરી તપાસ કરતા જણાયું હતું કે, સુગરે તા.૨૪/૩/૨૦૨૩ના રોજ ન્યૂ દિલ્હીની નેશનલ કો-ઓ. ડેવલોપમેન્ટ કોર્પોરેશન (એન.સી.ડી.સી.) પાસેથી ખાંડના સ્ટોકની દેખરેખ માટે ધી સુરત પીપલ્સ કો. ઓ.બેંક ગેરેન્ટર તરીકે સંમતિ આપવા તૈયાર હોવાનો ઉલ્લેખ કરી ખાંડના સ્ટોક સામે રૂ.૪૦ કરોડની વર્કિંગ કેપિટલ લોન મેળવવા અરજી કરી હતી. આ લોનની કાર્યવાહી કરવા સુગરની તા.૨૪/૩/૨૦૨૩ના રોજ મળેલી બોર્ડ મિટિંગમાં ચેરમેન/વાઇસ ચેરમેન તથા એમ.ડી.ને સત્તા આપવામાં આવી હતી. જે અરજી અન્વયે મંજૂરી મળતાં કાંઠા સુગર, એન.સી.ડી.સી. અને ધી સુરત પીપલ્સ બેંક વચ્ચે કાયદાકીય કરારો થયા બાદ ધી સુરત પીપલ્સ બેંક દ્વારા ખાંડના સ્ટોકની દેખરેખ રાખી ખાંડનું વેચાણ થાય એટલે આ લોન રકમ ચૂકવી દેવાની શરતે પ્રથમ તબક્કામાં તા.૧૯/૬/૨૦૨૩ના રોજ એન.સી.ડી.સી.એ કુલ ૨૩,૮૮૨ ક્વિન્ટલ ખાંડના સ્ટોક ઉપર રૂ.૬.૨૯ કરોડની લોન આપી હતી. જો કે, આ ...અનુસંધાન પાના 9 પર

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

દુઃખદ અવસાન – બેસણું
દિલગીરી સહ જણાવવાનું કે અમારા ભાઈશ્રી ચંદુભાઈ પરભુભાઈ પટેલનું દુઃખદ અવસાન શુક્રવાર તારીખ ૧૩/03/૨૦૨૬ના રોજ થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સદ્‌ગતનું બેસણું : તા.૧૫/૩/૨૦૨૬ ને રવિવારના રોજ સાંજે 3:00 થી ૬:00 કલાક સુધી રાખેલ છે.
સ્થળ :- પટેલ પ્રગતિ મંડળની વાડી, હનીપાર્ક રોડ, અડાજણ સુરત.

સ્વ. ચંદુભાઈ પરભુભાઈ પટેલ
સ્વ. તા. ૧૩/03/૨૦૨૬
લિ.
ભગવાનભાઈ પરભુભાઈ પટેલ - ભાઈ | ગં.સ્વ. દિવ્યાબેન ચંદુભાઈ પટેલ - પત્ની
તથા સમસ્ત પરિવાર
પળે પળે યાદ આવશે અમને, સદાય તમારી ખોટ રહેશે અમને,
દિલથી ભલે દૂર થયા તમે, સદાય અમારા હૃદયમાં વસો છો તમે,
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે.

સાતમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. હરેન્દ્રસિંહ હિંમતસિંહ પરમાર
સ્વ. તા. ૧૪.૦૩.૨૦૧૯
દ્રષ્ટિમાં રમે છે તમારો હસતો ચહેરો અંતરમાં પછડાય છે
તમારી સ્મૃતિના ધબકાર અસ્તિત્વનું રોમ અનુભવે છે,
તમારી હયાતીનો હુંફાળો સ્પર્શ સ્મરણો રહેશે સદા ભીનાં ભીનાં પ્રસંગો રહે છે
હવે સુના સુના કારમું મૌન છે તમારા વિના પ્રભુને પણ ન ગમ્યું.
પ્રભુ તમારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ.
ગં.સ્વ. સુનીતાબેન હરેન્દ્રસિંહ પરમાર

રાજપુત અવસાન
બેસણું

સ્વ. બા સાહેબ આનંદબા ધર્મેન્દ્રસિંહજી વાસંદીયા
ઉમરગામ
સ્વ.તા. ૧૩/૦૩/૨૦૨૬
દિલગીરી સાથે જણાવવાનું કે અમારા બા સાહેબ
સ્વ.આનંદબા ધર્મેન્દ્રસિંહજી વાસંદીયા
નું અવસાન તા. ૧૩/૦૩/૨૦૨૬ ને શુક્રવારના રોજ જૈફ વયે ચિર વિદાય પામ્યા છે. પ્રભુ દિવંગત આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના
બેસણું
તા. ૧૫/૦૩/૨૦૨૬, રવિવાર ને સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
સ્થળ
મુ.પો. ઉમરગામ, તા. વાલીયા, જી.ભરૂચ.
મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ એથી મીઠી તે મોરી માત રે જનનીની જોડ સખી! નહીં જડે રે લોલ.
પ્રભુના એ પ્રેમતણી પૂતળી રે લોલ જગથી જૂદેરી એની જાત રે જનનીની જોડ સખી! નહીં જડે રે લોલ.
અમીની ભરેલ એની આંખડી રે
લિ.
શ્રી ઘનશ્યામસિંહ ધર્મેન્દ્રસિંહ વાસંદીયા
શ્રી વિજયસિંહધર્મેન્દ્રસિંહ વાસંદીયા
શ્રી પુષ્પેન્દ્રસિંહધર્મેન્દ્રસિંહ વાસંદીયા
શ્રી યોગેન્દ્રસિંહધર્મેન્દ્રસિંહ વાસંદીયા
શ્રી રાજેન્દ્રસિંહ પ્રવિણસિંહ વાસંદીયા
શ્રી પ્રાક્રમસિંહ પ્રવિણસિંહ વાસંદીયા
શ્રી દિગ્વિજય ઘરિયા
પિયર પક્ષ
શ્રી મહેન્દ્રસિંહ પ્રભાતસિંહ ઘરિયા
શ્રી રાજેન્દ્રસિંહ પ્રભાતસિંહ ઘરિયા
શ્રી અજીતસિંહ પ્રભાતસિંહ ઘરિયા
શ્રી જનકસિંહ હમીરસિંહ ઘરિયા
શ્રી વિરેન્દ્રસિંહ હમીરસિંહ ઘરિયા
ગામ (સોડગામ)
સંયુકત બેસણું
Mo : 84606 88540

॥ સુરત દશા મેવાડા અવસાન – બેસણું ॥

સ્વ. હંસાબેન ચંપકલાલ લાભા
સ્વ. તા. ૧૨-૦૩-૨૦૨૬
દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી અને વડીલ હંસાબેન ચંપકલાલ લાભાનું તા. ૧૨/૦૩/૨૦૨૬, ફાગણ વદ નોમ ને ગુરૂવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અંતરથી પ્રાર્થના...
સદ્‌ગતનું બેસણું તા. ૧૫/૦૩/૨૦૨૬ને રવિવારના રોજ સમય સાંજે ૪ થી ૬ કલાકે (BAPH) ભરતીઆ પોલીટેકનીક ઈન એનિમલ હસ્બેન્ડરી, ભરતીઆ વિદ્યાસંકુલ, શ્રી સુરત પાંજરાપોળ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૧ ખાતે રાખેલ છે.
લિ.
રૂપલબેન અમિતભાઈ પરીખ(પુત્રી) | અમિતભાઈ નરેન્દ્રભાઈ પરીખ(જમાઈ)
નિતિનકુમાર બાબુભાઈ લાભા | દિપીકાબેન નિતિનકુમાર લાભા
ગિરિનકુમાર બાબુભાઈ લાભા | મિતાબેન ગિરિનકુમાર લાભા
રિષી નિતિનકુમાર લાભા | પુર્ણા રિષી લાભા
રૂતવ નિતિનકુમાર લાભા | નમિતા રૂતવ લાભા
તથા સમસ્ત લાભા પરિવાર
ફર્મ: યુનિક પ્લાસ્ટિક સિસ્ટમ્સ પ્રા. લી.

દુઃખદ અવસાન / બેસણું

સ્વ. દાજીભાઈ ગોવિંદભાઈ પટેલ
જન્મ: તા. ૧૬.૦૯.૧૯૫૯
સ્વ. તા. ૧૨-૦૩-૨૦૨૬
ફાગણ વદ નોમ ને ગુરૂવાર
દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી દાજીભાઈ ગોવિંદભાઈ પટેલનું તા. ૧૨/૦૩/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના....
સદ્‌ગતનું બેસણું સોમવારે તા. ૧૬/૦૩/૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ અમારા નિવાસસ્થાને રાખેલ છે.
લિ.
ગં.સ્વ. જશુબેન દાજીભાઈ પટેલ (પત્ની)
મુકેશભાઈ ઠાકોરભાઈ પટેલ (જમાઈ) | વર્ષાબેન મુકેશભાઈ પટેલ (પુત્રી)
મનીષભાઈ નાનુભાઈ પટેલ (જમાઈ) | સુશીલાબેન મનીષભાઈ પટેલ (પુત્રી)
અમિત દિપકભાઈ પટેલ (ભત્રીજો) | ભાવિન દિપકભાઈ પટેલ (ભત્રીજો)
પિયુષભાઈ દાજીભાઈ પટેલ (પુત્ર)
45 નં. ગરાસ ફળિયું, ઉબેર, સચીન

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ
...હાર્દિક શ્રદ્ધાંજલિ...

સ્વ. લલિતાબેન કંચનલાલ વાડીવાલા
જન્મ તા. ૧૦/૦૬/૧૯૨૮
સ્વ.તા.૧૪/૦૩/૨૦૨૫
આજે તમે અમને છોડીને ગયા ને એક વર્ષ પૂર્ણ થયું, પણ તમારી યાદો આજે પણ અમારા દિલમાં જીવંત છે. તમારો પ્રેમ, તમારી મમતા અને આપેલા સંસ્કાર હંમેશા અમને યાદ રહેશે.
ભગવાન તમારી પવિત્ર આત્માને શાંતિ આપે. તમે હંમેશા અમારા દિલમાં જીવતા રહેશો.
ભાવભીની શ્રદ્ધાંજલિ...
લિ.
વાડીવાલા પરીવાર